**Signature and Name of Invigilator**

1. (Signature) ______________________

   (Name) ______________________

2. (Signature) ______________________

   (Name) ______________________

**Answer Sheet No. :** ..................................................

(To be filled by the Candidate)

**Roll No.** | | | | | | | | |

(In figures as per admission card)

**Roll No.** ______________________

(In words)

**Test Booklet No.**

**D – 3704**

**PAPER – II**

# GUJARATI

**Time : 1¼ hours]** **[Maximum Marks : 100**

Number of Pages in this Booklet : **16** Number of Questions in this Booklet : **50**

## Instructions for the Candidates

1. Write your roll number in the space provided on the top of this page and also on the Answer Sheet given inside this booklet.
2. This paper consists of fifty multiple-choice type of questions.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (ii) **Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.**
   (iii) After this verification is over, the Serial No. of the booklet should be entered in the Answer-sheets and the Serial No. of Answer Sheet should be entered on this Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) (B) ⬤ (D)

   where (C) is the correct response.
5. Your responses to the items are to be indicated in the Answer Sheet given **inside the Paper I booklet only**. If you mark at any place other than in the ovals in the Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your name or put any mark on any part of the test booklet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, you will render yourself liable to disqualification.
9. You have to return the test question booklet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall.
10. **Use only Blue/Black Ball point pen.**
11. **Use of any calculator or log table etc., is prohibited.**
12. **There is NO negative marking.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. पहले पृष्ठ के ऊपर नियत स्थान पर तथा इस पुस्तिका के अन्दर दिये गये उत्तर पत्रक पर अपना रोल नम्बर लिखिए।
2. इस प्रश्न-पत्र में पचास बहुविकल्पीय प्रश्न हैं।
3. परीक्षा प्रारम्भ होने पर, प्रश्न-पुस्तिका आपको दे दी जायेगी। पहले पाँच मिनट आपको प्रश्न-पुस्तिका खोलने तथा उसकी निम्नलिखित जाँच के लिए दिये जायेंगे जिसकी जाँच आपको अवश्य करनी है :
   (i) प्रश्न-पुस्तिका खोलने के लिए उसके कवर पेज पर लगी कागज की सील को फाड़ लें। खुली हुई या बिना स्टीकर-सील की पुस्तिका स्वीकार न करें।
   (ii) **कवर पृष्ठ पर छपे निर्देशानुसार प्रश्न-पुस्तिका के पृष्ठ तथा प्रश्नों की संख्या को अच्छी तरह चैक कर लें कि ये पूरे हैं। दोषपूर्ण पुस्तिका जिनमें पृष्ठ/प्रश्न कम हों या दुबारा आ गये हों या सीरियल में न हों अर्थात किसी भी प्रकार की त्रुटिपूर्ण पुस्तिका स्वीकार न करें तथा उसी समय उसे लौटाकर उसके स्थान पर दूसरी सही प्रश्न-पुस्तिका ले लें। इसके लिए आपको पाँच मिनट दिये जायेंगे। उसके बाद न तो आपकी प्रश्न-पुस्तिका वापस ली जायेगी और न ही आपको अतिरिक्त समय दिया जायेगा।**
   (iii) इस जाँच के बाद प्रश्न-पुस्तिका की क्रम संख्या उत्तर-पत्रक पर अंकित करें और उत्तर-पत्रक की क्रम संख्या इस प्रश्न-पुस्तिका पर अंकित कर दें।
4. प्रत्येक प्रश्न के लिए चार उत्तर विकल्प (A), (B), (C) तथा (D) दिये गये हैं। आपको सही उत्तर के दीर्घवृत्त को पेन से भरकर काला करना है जैसा कि नीचे दिखाया गया है।

   **उदाहरण :** (A) (B) ⬤ (D)

   जबकि (C) सही उत्तर है।
5. प्रश्नों के उत्तर **केवल प्रश्न पत्र I के अन्दर दिये गये** उत्तर-पत्रक पर ही अंकित करने हैं। यदि आप उत्तर पत्रक पर दिये गये दीर्घवृत्त के अलावा किसी अन्य स्थान पर उत्तर चिन्हांकित करते है, तो उसका मूल्यांकन नहीं होगा।
6. अन्दर दिये गये निर्देशों को ध्यानपूर्वक पढ़ें।
7. कच्चा काम (Rough Work) इस पुस्तिका के अन्तिम पृष्ठ पर करें।
8. यदि आप उत्तर-पुस्तिका पर अपना नाम या ऐसा कोई भी निशान जिससे आपकी पहचान हो सके, किसी भी भाग पर दर्शाते या अंकित करते हैं तो परीक्षा के लिये अयोग्य घोषित कर दिये जायेंगे।
9. आपको परीक्षा समाप्त होने पर उत्तर-पुस्तिका निरीक्षक महोदय को लौटाना आवश्यक है और परीक्षा समाप्ति के बाद अपने साथ परीक्षा भवन से बाहर न लेकर जायें।
10. **केवल नीले/काले बाल प्वाईंट पैन का ही इस्तेमाल करें।**
11. **किसी भी प्रकार का संगणक ( कैलकुलेटर ) या लाग टेबल आदि का प्रयोग वर्जित है।**
12. **गलत उत्तर के लिए अंक नहीं काटे जायेंगे।**

# GUJARATI

## PAPER – II

**Note :** This paper contains **fifty** (50) multiple-choice questions, each question carrying **two** (2) marks. Make the correct response in the answer-sheet. All questions are compulsory.

**1.** ‘કદી મારી પાસે વનવનતણાં હોત કુસુમો’- આ પંક્તિનો છંદ કયો છે?

(A) પૃથ્વી

(B) શિખરિણી

(C) મંદાક્રાંતા

(D) હરિણી

**2.** અજ્ઞાત કવિ કૃત ‘વસંતવિલાસ’નો કાવ્ય પ્રકાર કયો છે?

(A) બારમાસા

(B) પ્રબંધ

(C) આખ્યાન

(D) ફાગુ

**3.** ‘રણયજ્ઞ’ના કર્તા કોણ છે?

(A) બ્રહ્માનંદ

(B) પ્રેમાનંદ

(C) ભાલણ

(D) જયવંત સૂરિ

**4.** ‘ખંડકાવ્ય’નો પ્રારંભ કરનાર કોણ છે?

(A) નરસિંહ રાવ

(B) કલાપી

(C) કાન્ત

(D) સુંદરજી બેટાઈ

5. 'વાસુકિ' કોનું ઉપનામ છે?

(A) રામનારાયણ પાઠક

(B) ઉમાશંકર જોશી

(C) બાલાશંકર કંથારિયા

(D) ઝીણાભાઈ દેસાઈ

6. 'આધુનિક' સર્જક કોણ નથી?

(A) સુરેશ જોષી

(B) કિશોર જાદવ

(C) મધુ રાય

(D) દલપત રામ

7. 'વક્રોક્તિ વિચાર' ના કર્તા કોણ છે?

(A) મહિમ ભટ્ટ

(B) મમ્મટ

(C) આચાર્ય કુન્તક

(D) વામન

8. લોન્જાઈનસે ઉદાત્તતત્વના કેટલા આધાર સ્રોત જણાવ્યા છે?

(A) પાંચ

(B) ચાર

(C) છ

(D) ત્રણ

9. 'રાતદિવસ' કયો સમાસ છે?

(A) કર્મધારાય

(B) દ્વન્દ્વ

(C) દ્વિગુ

(D) ઉપપદ

**10.** આધુનિક કવિ કોણ છે?

(A) બાલમુકુન્દ દવે

(B) પૂજાલાલ

(C) મનસુખલાલ ઝવેરી

(D) સિતાંશુ યશશ્ચંદ્ર

**11.** બે કવિઓ પણ નરસિંહ યુગના નથી

(a) દયારામ

(b) શાલિભદ્ર સૂરિ

(c) હેમચંદ્રાચાર્ય

(d) પ્રેમાનંદ

(A) b અને c

(B) d અને b

(C) a અને d

(D) a અને c

**12.** બે કવિઓ 'નળાખ્યાન'ના કર્તા છેઃ

(a) વિશ્વનાથ જાની

(b) પ્રેમાનંદ

(c) ભાલણ

(d) અખો

(A) a અને b

(B) b અને c

(C) c અને d

(D) a અને d

13. આ બે પંડિતયુગની કૃતિઓ છેઃ

(a) રાઈનો પર્વત

(b) તુલસી વિવાહ

(c) સ્નેહ મુદ્રા

(d) પારકાંજણ્યા

(A) b અને c

(B) a અને d

(C) a અને c

(D) c અને a

14. આ બે 'આધુનિક' ટૂંકી વાર્તાઓ છેઃ

(a) ગોવાલણી

(b) સળિયા

(c) બુદ્ધિવિજય

(d) સિમ્પલ હાર્મોનિક મોશન

(A) a અને c

(B) b અને d

(C) c અને d

(D) a અને b

15. આ બે તત્ત્વચિંતક અને સાહિત્ય વિચારક છેઃ

(a) લોન્જાઈનસ

(b) પ્લેટો

(c) ચોસર

(d) એરિસ્ટોટલ

(A) a અને b

(B) b અને c

(C) c અને d

(D) b અને d

16. અભિનવગુપ્ત આ બે ગ્રંથના ટીકાકાર નથીઃ

(a) નાટ્યદર્પણ

(b) નાટ્યશાસ્ત્ર

(c) ધ્વન્યાલોક

(d) કાવ્યપ્રકાશ

(A) a અને d

(B) b અને c

(C) c અને a

(D) a અને c

17. આ બે મુખ્યત્વે નગરચેતનાના કવિઓ ગણાયા છેઃ

(a) બાલમુકુન્દ દવે

(b) પ્રહલાદ પારેખ

(c) નિરંજન ભગત

(d) સિતાંશુ યશશ્ચંદ્ર

(A) a અને c

(B) b અને d

(C) c અને d

(D) a અને d

18. આ બે સાહિત્યકારો રણજીતરામ સુવર્ણચંદ્રક વિજેતા છે

(a) ચન્દ્રકાન્ત ટોપીવાળા

(b) ચન્દ્રકાન્ત બક્ષી

(c) અનિલ જોશી

(d) લાભશંકર ઠાકર

(A) b અને c

(B) a અને d

(C) c અને d

(D) a અને c

19. **માહિતી અ :** કાવ્ય યશ, ધન અને વ્યવહારજ્ઞાન માટે છે

**માહિતી બ :** કાવ્યનું પ્રયોજન આનંદ નથી

(A) અ અને બ બન્ને ખોટાં છે.

(B) અ ખોટું છે. પણ બ સાચું છે.

(C) અ પણ ખરું છે અને બ પણ ખરું છે.

(D) અ ખરું છે પણ બ ખોટું છે.

20. **માહિતી અ :** વક્રકવિવ્યાપાર શાલિન બન્ધ કાવ્ય બને છે

**માહિતી બ :** જ્યારે એ તદ્‌વિદને આહલાદ આપે છે

(A) અ ખરું છે પણ બ ખોટું છે.

(B) બ ખરું છે. પણ અ ખોટું છે.

(C) અ અને બ બન્ને ખરાં છે.

(D) અ અને બ બન્ને ખોટાં છે.

21. **માહિતી અ :** 'રીતિ' કાવ્યનો આત્મા છે

**માહિતી બ :** વિશિષ્ટ પદરચના રીતિ છે

(A) અ અને બ બન્ને ખરાં છે.

(B) અ ખરું છે પણ બ ખોટું છે.

(C) અ અને બ બન્ને ખોટાં છે.

(D) બ ખરું છે પણ અ ખોટું છે.

22. બે વાક્યોથી બનતું સંપૂર્ણ પણે ખરું યુગ્મ ક્યું?

(A) 'નળાખ્યાન' પ્રેમાનંદનું છે. તેનો નાયક બાહુક છે.

(B) 'નળાખ્યાન'ના કર્તા મહાકવિ પ્રેમાનંદ છે; તેનો નાયક નળ છે.

(C) 'નળાખ્યાન' પદ્યવાર્તા છે. 'નળાખ્યાન'ના કર્તા શામળ છે.

(D) 'નળાખ્યાન' સોનેળમાળા છે. તેની નાયિકા વૈદર્ભી છે.

23. સર્વથા સુસંગત વિગતજૂથ કયું?

(A) સુરેશ જોષી : આધુનિક યુગ : અગ્રણી સાહિત્યકાર

(B) સુરેશ જોષી : આધુનિક યુગ : નોંધપાત્ર કવિ

(C) સુરેશ જોષી : આધુનિકોત્તર યુગ : ટૂંકી વાર્તા

(D) સુરેશ જોષી : અર્વાચીન યુગ : જીવનકથાકાર

24. સર્વથા સુસંગત વિગતજૂથ કયું?

(A) નવલરામ : વિવેચક : ભટનું ભોપાળું

(B) નવલરામ : કવિ : પહેલા વાર્તાકાર

(C) નવલરામ : પંડિત યુગ : કરણઘેલો

(D) નવલરામ : નવલગ્રંથાવલિ : આત્મચરિત્ર

25. સર્વથા અસંગત વિગતજૂથ કયું?

(A) સાપના ભારા : એકાંકી સંગ્રહ : સુધારક યુગ

(B) સાપના ભારા : પદ્યનાટક : પદ્યવાર્તા

(C) સાપના ભારા : નંદરામ : મેના

(D) સાપના ભારા : ઢેડ નાં ઢેડ ભંગી : ગાંધીયુગ

26. સર્વથા અસંગત વિગતજૂથ કયું?

(A) બૂમ કાગળમાં કોરા : એબ્સર્ડ નાટક : અનુ આધુનિક-યુગ

(B) બૂમ કાગળમાં કોરા : લાભશંકર ઠાકર : આધુનિક કવિતા

(C) બૂમ કાગળમાં કોરા : દીર્ઘકવિતા : આધુનિક કવિ

(D) બૂમ કાગળમાં કોરા : શબ્દો વિશેની કવિતા : રાવજીના સમકાલીન

27. બન્ને યાદીઓની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો

| યાદી I | | યાદી II | |
|---|---|---|---|
| (a) | ઝવેરચંદ મેઘાણી | (1) | લોકસાહિત્યના સંશોધક |
| (b) | સોરઠ તારાં વહેતા પાણી | (2) | દેશભક્તિનું કાવ્ય |
| (c) | રાષ્ટ્રીય શાયર | (3) | નાયક વિનાની નવલકથા |
| (d) | છેલ્લો કટોરો | (4) | બિરુદ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 1 | 3 | 2 |
| (B) | 2 | 4 | 1 | 3 |
| (C) | 3 | 2 | 4 | 1 |
| (D) | 1 | 3 | 4 | 2 |

28. બન્ને યાદીઓની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો

| યાદી I | | યાદી II | |
|---|---|---|---|
| (a) | આત્મકથા | (1) | પ્રકાશક |
| (b) | નવજીવન | (2) | પેટા શીર્ષક |
| (c) | રાયચંદભાઈ | (3) | ગાંધીજી |
| (d) | સત્યના પ્રયોગો | (4) | શતાવધાની |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 2 | 4 | 3 | 1 |
| (C) | 3 | 1 | 4 | 2 |
| (D) | 4 | 3 | 2 | 1 |

29. બન્ને યાદીઓની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો

| યાદી I | | યાદી II | |
|---|---|---|---|
| (a) | સુરેશ જોષી | (1) | 'નવલકથાનો નાભિશ્વાસ' |
| (b) | કિંચિત્ | (2) | અકાદમી એવોર્ડનો અસ્વીકાર |
| (c) | મનીષા | (3) | ઘટનાતત્ત્વનો હ્રાસ |
| (d) | ચિન્તયામિ મનસા | (4) | વિવેચન સંગ્રહ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 3 | 4 | 1 | 2 |
| (C) | 2 | 3 | 4 | 1 |
| (D) | 4 | 3 | 2 | 1 |

30. બન્ને યાદીઓની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો

| યાદી I | | યાદી II | |
|---|---|---|---|
| (a) | દર્શક | (1) | સરસ્વતી સન્માન |
| (b) | સત્યકામ | (2) | સણોસરા |
| (c) | કુરુક્ષેત્ર | (3) | ઝેર તો પીધાં છે જાણી જાણી |
| (d) | લોકભારતી વિદ્યાપીઠ | (4) | મનુભાઈ રાજારામ પંચોળી |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 2 | 3 | 4 | 1 |
| (C) | 3 | 4 | 2 | 1 |
| (D) | 4 | 3 | 1 | 2 |

31. બન્ને યાદીઓની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો

| યાદી I | | યાદી II | |
|---|---|---|---|
| (a) | અખો | (1) | ઉમાશંકર જોશી |
| (b) | અનુભવબિન્દુ | (2) | પ્રમુખ રચના |
| (c) | અખો એક અધ્યયન | (3) | બ્રહ્માનુભવનું ચિંતન |
| (d) | અખેગીતા | (4) | જ્ઞાનમાર્ગી કવિ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 2 | 3 | 4 | 1 |
| (C) | 3 | 2 | 1 | 4 |
| (D) | 4 | 3 | 1 | 2 |

32. બન્ને યાદીઓની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો

| યાદી I | | યાદી II | |
|---|---|---|---|
| (a) | ૧૭ અક્ષર | (1) | ૩૧ માત્રા |
| (b) | મનહર | (2) | બ.ક. ઠાકોર |
| (c) | અર્થાનુસાર યતિ | (3) | ગુલબંકી |
| (d) | એજ સેજ એજ ભેજ.... | (4) | મંદાક્રાન્તા |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 2 | 1 | 4 | 3 |
| (B) | 4 | 1 | 2 | 3 |
| (C) | 3 | 2 | 1 | 4 |
| (D) | 3 | 1 | 4 | 2 |

33. બન્ને યાદીઓની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો

| | યાદી I | | યાદી II |
|---|---|---|---|
| (a) | છિન્નપત્ર | (1) | લીલા |
| (b) | સુરેશ જોષી | (2) | મરણોત્તર |
| (c) | અજય-માલા અને | (3) | લખવા ધારેલી નવલકથાનો મુસદ્દો |
| (d) | કલ્પનપ્રધાન | (4) | ગદ્ય |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 2 | 1 | 3 | 4 |
| (C) | 3 | 2 | 1 | 4 |
| (D) | 4 | 3 | 2 | 1 |

34. બન્ને યાદીઓની વિગતો સરખાવીને ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો

| | યાદી I | | યાદી II |
|---|---|---|---|
| (a) | રમણભાઈ નીલકંઠ | (1) | ઉદ્દેશ |
| (b) | રમણલાલ વ. દેસાઈ | (2) | વિવેચન સંદર્ભ |
| (c) | રમણલાલ જોશી | (3) | જાલકા |
| (d) | રમણ સોની | (4) | ગ્રામલક્ષ્મી |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 1 | 2 |
| (B) | 1 | 2 | 3 | 4 |
| (C) | 2 | 3 | 4 | 1 |
| (D) | 4 | 3 | 2 | 1 |

35. ક્યું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે?

(A) શાલિભદ્ર સૂરિ, વલ્લભ મેવાડો, શામળ, દયારામ

(B) શાલિભદ્ર સૂરિ, શામળ, વલ્લભ મેવાડો, દયારામ

(C) દયારામ, શામળ, શાલિભદ્ર સૂરિ, વલ્લભ મેવાડો

(D) વલ્લભ મેવાડો, શાલિભદ્ર સૂરિ, દયારામ, શામળ

36. ક્યું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે?

(A) શેષનાં કાવ્યો, ઈન્દુકુમાર, સોક્રેટીસ, કરણઘેલો

(B) ઈન્દુકુમાર, સોક્રેટીસ, શેષનાં કાવ્યો, કરણઘેલો

(C) કરણઘેલો, ઈન્દુકુમાર, શેષનાં કાવ્યો, સોક્રેટીસ

(D) સોક્રેટીસ, ઈન્દુકુમાર, કરણઘેલો, શેષનાં કાવ્યો

37. ક્યું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે?

(A) પંડિત યુગ, આધુનિક યુગ, ગાંધી યુગ, સુધારક યુગ

(B) આધુનિક યુગ, સુધારક યુગ, પંડિત યુગ, ગાંધી યુગ

(C) સુધારક યુગ, પંડિત યુગ, ગાંધી યુગ, આધુનિક યુગ

(D) ગાંધી યુગ, આધુનિક યુગ, સુધારક યુગ, પંડિત યુગ

38. ક્યું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે?

(A) કુરુક્ષેત્ર, સોક્રેટીસ, દીપનિર્વાણ, ઝેર તો પીધાં છે જાણી જાણી

(B) દીપનિર્વાણ, ઝેર તો પીધાં છે જાણી જાણી, સોક્રેટીસ, કુરુક્ષેત્ર

(C) ઝેર તો પીધાં છે જાણી જાણી, દીપનિર્વાણ, કુરુક્ષેત્ર, સોક્રેટીસ

(D) સોક્રેટીસ, દીપનિર્વાણ, ઝેર તો પીધાં છે જાણી જાણી, કુરુક્ષેત્ર

39. ક્યું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે?

(A) સંસ્કાર, ગબન, ગીતાંજલી, અપને અપને અજનબી

(B) અપને અપને અજનબી, ગીતાંજલી, સંસ્કાર, ગબન

(C) ગીતાંજલી, ગબન, અપને અપને અજનબી, સંસ્કાર

(D) ગબન, સંસ્કાર, ગીતાંજલી, અપને અપને અજનબી

40. ક્યું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે?

(A) ડીમલાઈટ, રાઈનો પર્વત, શૈવલિની, આગગાડી

(B) શૈવલિની, આગગાડી, ડીમલાઈટ, રાઈનો પર્વત

(C) આગગાડી, ડીમલાઈટ, શૈવલિની, રાઈનો પર્વત

(D) રાઈનો પર્વત, શૈવલિની, આગગાડી, ડીમલાઈટ

41. ક્યું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે?

(A) મનીષા, ક્ષિતિજ, ઊહાપોહ, એતદ્

(B) ઊહાપોહ, મનીષા, એતદ્, ક્ષિતિજ

(C) ક્ષિતિજ, એતદ્, મનીષા, ઊહાપોહ

(D) એતદ્, મનીષા, ઊહાપોહ, ક્ષિતિજ

42. ક્યું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે?

(A) કાલિદાસ, વ્યાસ, ભવભૂતિ, વાલ્મિકી

(B) ભવભૂતિ, વાલ્મિકી, વ્યાસ, કાલિદાસ

(C) વ્યાસ, વાલ્મિકી, કાલિદાસ, ભવભૂતિ

(D) વાલ્મિકી, વ્યાસ, ભવભૂતિ, કાલિદાસ

**નીચે આપેલો ગદ્યખંડ વાંચો અને પૂછેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચા ઉત્તરના અક્ષર દર્શાવોઃ**

આ 'સર્જક'વાચક ('ક્રિએટર'-રીડર) એટલે કે કવિ હવે સદા માટે પશ્ચાદ્ભૂમિમાં ખસી જાય છે. જે વાચકના હાથમાં પછીથી કાવ્ય આવી ચઢે છે તે એને ભગવાન જાણે કેટલાં અને કેવા પ્રકારનાં પઠનો દ્વારા આત્મસાત્ કરવા મથે છે. કેટલીક વાર એને સાચાં નડતરોનો સામનો કરવાનો આવે છે અને એ બધાં જ એનાં પોતાનાં સર્જેલાં હોય એવું ન પણ હોય. કોઈ એમ કહી શકે કે આખો વખત વાચક એ નડતરોમાંથી બહાર આવવામાં કવિ એને કંઈક મદદ કરે તે માટે કવિને મદદ કરવા સહૃદયપણે મથી રહ્યો હોય છે. બનવાજોગ છે કે કવિએ એને અહીં આ વીગતની બાબતમાં જરીક, તો પેલા પ્રરૂપણમાં મોટે પાયે, છેહ દીધી છે.

કાવ્યમય શબ્દનિર્મિતિ તે માત્ર માનવબોલી કે ભાષાનીજ નીપજ નથી, પણ લેખનની અત્યંત સખ્તાઈથી કામ લેતી શિસ્તમાં પસાર થયેલી વસ્તુ છે. ઉચિત ભાવનિર્ણાયકો નિર્દેશકો, કલ્પનો-પ્રતીકો, સ્વરવ્યંજનસામ્ય-પ્રાસાનુપ્રાસ અને સૌથી વિશેષ તો લય, રચનાની અવાજ-તરાહનો જ લય નહિ પણ તેની સાથોસાથ અવિનાભાવે ઊપસતી અર્થ-તરાહની લય, હકીકતમાં સમગ્ર સંદર્ભમૂલક આકૃતીકરણની સંવાદિતા, - એ બધા દ્વારા સાધરણીભૂત ભાવમય કાવ્યચેતના શબ્દદેહ ધારણ કરે એ માટેનો એ પ્રયત્ન હોય છે, ઘડાયેલો વાચક, જેની પરખશક્તિ શબ્દનિર્મિત તેમ જ અન્ય કલારચનાઓના વારંવાર થતા પ્રત્યક્ષ અનુભવને પરિણામે કેળવાયેલી-કસાયેલી છે, તે જ્યારે કોઈ એક શબ્દરચનાના સંપર્કમાં મુકાય ત્યારે જો એના મનમાં કશીક અવઢવ રહે કે આખીય રચના અથવા તેના અંશ વિશે અથવા વીગતો વિશે તેને ચાલુ શંકા રહ્યા કરે તો સંભવ છે કે એને માટે મૂળ સર્જકની જવાબદારી જેવી તેવી ન પણ હોય. શાં કારણોએ કાવ્ય સારું નીવડી ન આવ્યું તે આવા વાચક કરતાં વધારે સારી રીતે કોણ સમજે છે? આવી રચના અંગેની એની ચર્ચા હમેશાં એના સ્વભાવથી જ સંભવિત સારા કાવ્યની ચર્ચાના માળખામાં થતી હોઈ સુ-કાવ્ય અંગેની વિવેચનગોષ્ઠિ બની રહી છે.

43. આ ગદ્યખંડ................ની ચર્ચા છે.

(A) શબ્દરચનાના સંપર્કની

(B) 'સર્જક'-વાચકની

(C) સારા કાવ્યની

(D) કાવ્યાસ્વાદનાં નડતરોની

44. લેખકનું મંતવ્ય છે કે

(A) કાવ્યમય શબ્દનિર્મિતિ માત્ર માનવબોલીની નીપજ છે

(B) કાવ્યમય શબ્દનિર્મિતિ માત્ર ભાષાની નીપજ છે

(C) કાવ્યમય શબ્દનિર્મિતિ લેખનશિસ્તની નીપજ નથી

(D) કાવ્યમય શબ્દનિર્મિતિ તે માત્ર માનવબોલી કે ભાષાની જ નીપજ નથી, પણ લેખનની શિસ્તમાં પસાર થયેલી વસ્તુ છે.

45. લેખકની દૃષ્ટિએ ઘડાયેલો વાચક તે છે જેની -

(A) પરખશક્તિ કલારચનાઓના પરીક્ષાનુભવથી કેળવાયેલી હોય છે.

(B) પરખશકિત શબ્દનિર્મિત તેમજ અન્ય કલારચનાઓના વારંવારના પ્રત્યક્ષાનુભવથી કેળવાયેલી હોય છે?

(C) વાચનશક્તિ કસાયેલી હોય છે.

(D) જવાબદારી મૂળ સર્જકની જવાબદારી જેવી હમેશાં હોય છે.

46. લેખકના અભિપ્રાય અનુસાર 'સર્જક'વાચક એટલે કે -

(A) વાચક

(B) ભગવાન

(C) કવિ

(D) સહૃદય

47. લેખક રચનાની અવાજ તરાહના લય ઉપરાંત __________ આ લય પણ ઈચ્છે છે

(A) અર્થ તરાહનો

(B) આકૃતિકરણનો

(C) ભાવમય કાવ્યચેતનાનો

(D) કલ્પનો પ્રતીકોનો

48. કાવ્યને આત્મસાત કરવા માટે લેખક તેના _________ આટલાં પઠનો પર ભાર મૂકે છે.

(A) એક

(B) બે

(C) ત્રણ

(D) અનેક

49. સાધારણીભૂત ભાવમય કાવ્યચેતના શબ્દદેહ ધારણ કરે છે -

(A) સમગ્ર સંદર્ભની રચના વડે

(B) ભાવનિર્ણાયકો - નિર્દેશકો વડે

(C) સ્વરો વડે

(D) અવાજના લય વડે

50. સારા કાવ્યની ચર્ચા એટલે -

(A) નડતરોની ચર્ચા

(B) કવિને થનારી મદદોની ચર્ચા

(C) સુકાવ્ય અંગેની વિવેચનગોષ્ઠિ

(D) સર્જકની જવાબદારીની ચર્ચા

- o O o -

**Space For Rough Work**